THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

૩૭૩૮

# श्री जैन धर्मीयोने हमेशनी
# साधारण क्रिया स्तवनावळी.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

દાન દયા બાલશાળા.

ગ્રંથ સ્વામીત્વનો હક્ક રાખ્યોછે.

અમદાવાદ

ધી અમદાવાદ યુનિઅન પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૪૪.—સન ૧૮૮૮.

કિંમત રૂ૦—૧—૬

# શ્રી જૈનધર્મોજયતી.

## પ્રથમે.

૧ સુરજ ઉગ્યા પેહેલા ઉઠવું; ને ઉઠીને ચોવીસે પ્રભુના નામ દેવા તે નીચે પ્રમાણે.

[૧] ઋષભદેવ, [૨] અજીતનાથ, [૩] સંભવનાથ,
[૪] અભિનંદન, [૫] સુમતિનાથ, [૬] પદ્મપ્રભુ,
[૭] સુપાર્શ્વનાથ, [૮] ચંદ્રપ્રભુ, [૯] સુવિધિનાથ,
[૧૦] શિતળનાથ, [૧૧] શ્રેયાંસનાથ, [૧૨] વાસુપૂજ્યસ્વામી.
[૧૩] વિમળનાથ, [૧૪] અનંતનાથ, [૧૫] ધર્મનાથ,
[૧૬] શાંતિનાથ, [૧૭] કુંથુનાથ, [૧૮] અરનાથ, [૧૯] મલ્લીનાથ,
[૨૦] મુનિસુવ્રતસ્વામી, [૨૧] નમીનાથ, [૨૨] નેમીનાથ,
[૨૩] પાર્શ્વનાથ, [૨૪] મહાવીરસ્વામી,

એ ચોવીસે જીનને મારી ક્રોડ ક્રોડવાર વંદણા હોજો.

૨ મંગળીક કાજે પાર્શ્વનાથનો સ્તોત્ર કેહેવો.

આણી મન સુદ્ધ આસ્થા, દેવ જુહારૂં હું સારવ

ત્તા, પાર્શ્વનાથ મુજ વંછિત પુર, ચિંતામણ મા-
રી ચિંતાચૂર. ગાથા. ૧ કે કેણુ કે કેણુ નમે, મારે
મંનતો તુહીજ રમે, સદા જુહારૂં ઉગતે સૂર:
ચિંતા: ગાથા. ૨ અણીઆળિ પ્રભુ આંખડી, જા-
ણે કમળ તણી પાંખડી, મુખ દીઠે દુઃખ જાયે
દુર: ચિંતામણી: ગાથા. ૩ વિછડીઆ વાલેશ્વર
મેલ, વૈરી દુશ્મન પાછા ઠેલ, તું છે મારે હાંજરા
હજુર; ચિંતામણી: ગાથા: ૪ મુજમન લાગી તુ-
મસું પ્રિત, બીજો કોઈ ન આવે ચિત, કર મુજ
તેજ પ્રતાપ પંડુર, ચિંતામણી: ગાથા: ૫ એ
સ્તોત્ર મંનમાં જે ધરે, તેના કારજ અણચિ-
તા સરે, યાધી વ્યાધી દુઃખ જાયે દુર: ચિંતા: ગા-
થા: ૬ ભવો ભવ્ય દેજો તુમ પાય શેવ, શ્રી ચિં-
તામણી અરિહંત દેવ: સમય સુંદર કહે સુખ
ભરપુર ચિંતામણી. ગાથા: ૭

૩ સુદ્ધ થઈ હાથમાં અક્ષત લેઈ દેરે જવું જઇને
નિચે પ્રમાણે બોલવું:

નિસીહિ નિસીહિ નિસીહિ ત્રણવાર નિસીહિ:
એ બોલ ત્રણ જગ્યાપર કેહેવો.

૧ પગથીએ ચડતાં ૨ બારણે પેસતાં ૩ ગભારો
દેખતાં

૨ વાસની પૂજા કરવી

૩ અક્ષતનો સ્વાસ્તીક કરી ત્રણ ખમાસણાં દેવા, ઇચ્છામિ ખમા સમણો વંદિઉં જાવણિજજા- એ નિસીહિઆએ. મથ્થએણ વંદામિ: પછી યથાશક્તી: સ્તવના કરવી

૪ સુગરૂની દેશના સાંભળવા ઉપાસરે જવું. તીહાં ગુરૂને વાંદવા તેના બોલ નિચે પ્રમાણે:

ઇચ્છકાર સુહરાઈ સુહદેવસિ ।। સુખ તપ શરીર નિરાબાધ ।। સુખ સંજમ જાત્રા નિર્વહોછોજી ।। સ્વામી શાતા છેજી ।। ભાત પાણીનો લાભ દેજોજી ।।

પછી—ગરૂને વાદી બેસવું બે ઘડી સમાયક લેવું તે નિચે પ્રમાણે:

પ્રથમ ઊંચે આસને પુસ્તક પ્રમુખ મુકીને ।। શ્રાવક શ્રાવિકા કટાસણું ।। મુહપત્તી ચવલો લેઈ ।। શુદ્ધ વસ્ત્ર જગ્યા પૂંજી ।। કટાસણા ઉપર બેસી મુહપત્તી ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ થાપનાજી સન્મુખ રાખીને એક નવકાર ગણવો તે નિચે પ્રમાણે.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિઆણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ

સાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણા સણો, મંગળાણંચસવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥

પછી—પંચિંદિઅ કહીએ: તે નીચે પ્રમાણે.

પંચિંદિઅ સંવરણો, તહ નવવિહ, બંભચેર ગુત્તિધરો, ચઉવિહ કસાયમુક્કો, ઈઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો, પંચમહવ્વયજુત્તો, પંચવિહાયાર પાલણ સમથ્થો, પંચ સમિઓતીગુત્તો, છત્તીસ ગુણો ગરૂમઝ઼. ॥

પછી—ખમાસણ દેઇએ તે નિચે પ્રમાણે.॥

ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિ જ્જાએ, નિસીહિઆએ મથ્થએણ વંદામિ. ॥

પછી—ઇરિયાવહિઆ, તસ્સઉત્તરી, અન્નથ્થ ઉસસીએણં કહીએ તે નીચે પ્રમાણે. ॥

## અથ ઇરિયા વહિયા.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં પડિક્કમામિ; ઈચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં.

ઈરિયાવહિયાએ, વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ, પણગદગ, મટ્ટીમક્કડા, સંતાણાસંકમણે, જેમેજીવા વિરાહિયા, એગિંદિયા, બેઈં-

દિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા' કિલામિયા ઉદ્દવિયા, ઠાણાઓઠાણું સંકામિયા જીવિયાઓ વવરોવિયા, તસ્સમિચ્છામિદુક્કડં ॥

## અથ તસઉત્તરિ.

તસ્સઉત્તરિકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણંકમ્માણું, નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિકાઉસ્સગ્ગં ॥

## અથ. અન્નથ્થઉસસિએણં.

અન્નથ્થઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં ભમલિએ પિત્ત મુચ્છાએ. સહુમેહિ અંગ શંચાલેહિ. શહુમેહિં ખેલસંચાલેહિ, સહુમેહિંદિટ્ઠિ સંચાલેહિં, એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જમે કાઉસ્સગ્ગો, જાવઅરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં, નપારેમિ તાવકાયં, ઠાણેણં મોણેણં ઝાણેણં, અપ્પાણં વોસિરામિ: ॥

ઉપર કહ્યા તે ત્રણ સુત્રા કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગકરી પારી પ્રગટ લોગસ્સ કેહેવો: તે નિચે પ્રમાણે.

## અથ લોગસ્સ.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરેજિણે, અરિહંતેકિત્તઇસ્સં, ચઉવીસંપિકેવળી, ઉસભમજિઅંચવંદે, સંભવમભિણંદણંચ સુમઇંચ, પઉમપ્પહંસુપાસં, જિણંચચંદપ્પહં વંદે. સુવિહિંચપુપ્ફદંત, સીઅલસિજ્જંસ વાસુપુજ્જંચ, વિમલમણં તંચજિણં, ધમ્મંસંતિંચ વંદામિ, કુંથુંઅરંચમલ્લિ, વંદેમુનિસુવ્વય નમિજિંણંચ, વંદામિરિઠ્ઠનેમિં, પાસંતહ વદ્ધમાણંચ,એવં, મએઅભિથુઆ વિહુયરયમલા, પહીણજરમરણા, ચઉવીસંપિજિણવરા, તિત્થયરામે પસીયંતુ: કિત્તિયવંદિયમહિયા, જેએલોગસ્સઉત્તમાસિદ્ધા, આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમંદિંતુ: ચંદેસુનિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધાસિદ્ધિંમમદિસંતુ:॥

પછી—ખમાસમણદેઈ॥ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન, સામાયિક મુહપત્તી પડિલેહું૰ ઇચ્છં૰

એ કહી મુહુપત્તી તથા અંગની પડિ લેહણના
પચાસ બોલ કેવા તે નિચે પ્રમાણે.

## બોલ.

શુત્ર અર્થ તત્વ કરી સદહું,[૧] સમકિત મોહની[૨]
મીશ્ર મોહની,[૩] મિથ્યાત મોહની[૪] પરીહરૂં:
કામરાગ,[૫] સ્નેહરાગ,[૬] દ્રષ્ટીરાગ,[૭] પરીહરૂં.
સુદેવ,[૮] સુગરૂ,[૯] સુધર્મ,[૧૦] આદરૂં.
કુદેવ,[૧૧] કુગરૂ,[૧૨] કુધર્મ,[૧૩] પરીહરૂં.
જ્ઞાન,[૧૪] દર્શન,[૧૫] ચારિત્ર,[૧૬] આદરૂ.
જ્ઞાન,[૧૭] દર્શન,[૧૮] ચારિત્ર,[૧૯] વિરાધના પરીહરૂં.
મનગુપ્તિ,[૨૦] વચનગુપ્તિ,[૨૧] કાયગુપ્તિ,[૨૨] આદરૂં.
મનદંડ,[૨૩] વચનદંડ,[૨૪] કાયદંડ,[૨૫] પરીહરૂં.

## અંગબોલ.

હાસ્ય,[૧] રતિ,[૨] અરતિ,[૩] પરીહરૂ,
ડાબે હાથે પડી લેહવા.

ભય,[૪] સોગ,[૫] દુગંચ્છા,[૬] પરીહરૂ,
જમણે હાથે પડીલેહવા.

કૃષ્ણ[૭]લેશ્યા, નિલ[૮]લેશ્યા, કાપોત[૯]લેશ્યા. પરીહરૂં,
માથા ઉપર પડી લેહવા.

રસ[૧૦]ગારવ, રિદ્ધિ[૧૧]ગારવ, સાતા[૧૨]ગારવ, પરીહરૂ.
મોંઢે પડી લેહવા.

માયા[૧૩]સલ્ય, નિયાણ[૧૪]સલ્ય, મિથ્યાત્વ[૧૫]સલ્ય, પરીહરૂ,
છાતી આગળ પડી લેહવા:

ક્રોધ[૧૬], માન[૧૭], પરીહરૂ, પુઠે પડી લેહવા:

માયા[૧૮] લોભ[૧૯] પરીહરૂ, આગળ પડી લેહવા:

પૃથ્વીકાય[૨૦], અપકાય[૨૧], તેઉકાય[૨૨], ની જયણા કરૂ
ડાબે.પગે પડી લેહવા:

વાઉકાય[૨૩], વનસ્પતિકાય[૨૪], ત્રસકાય[૨૫],ની રક્ષાકરૂં.
જમણે પગે પડી લેહવા:

એ પચાસે બોલ સાધુ શ્રાવકને કહેવા:

અને શ્રાધવી શ્રાવિકાને, લેસ્યાનાબોલ.૩ સલ્યના,૩ કખાયના ૪ એ દશ બોલવિના બોલ ૪૦ કહેવા:

પછી—મુહપત્તી પડી લેહીએ ખમાસમણું દેઈ ઈચ્છા કારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદીસાહુ ઈચ્છં ૦ાા પાછા ખમાસમણ દેઇએ.ઈચ્છા કારેણ સામાઈક ઠાઉં! ઈચ્છં. એમ કહી બે

હાથ જોડી એક નવકાર ગણી ॥ ઇચ્છકારી ભગવન્ પસાયે કરી સામાયિક ડંડક ઉચ્ચરાવોજી વડિલ ॥ પછી કરેમિભંતે કહેવી તે નિચે પ્રમાણે.

## અથઃ કરેમિભંતે.

કરેમિભંતે, સામાઇયં, સાવજ્જંજોગં પચ્ચખ્ખામિ, જાવનિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણંવાયાએ–કાએણં, નકરેમિ, નકારવેમિ તસ્સભંતે પડિક્કમામિ. નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ: ॥

પછી—ખમાસણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન બેસણે સંદિસાહુ ખમાસણ દેઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે ઠાઉ, ખમાસણ દેઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સઝાય સંદિસાહુ ખમાસણ દેઇ: ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સઝાય કરૂ ઇચ્છં: એમ કહી ત્રણ નવકાર ગણવા પછી બે ઘડી સઝાય ધર્મ ધ્યાન કરવું.

---

બે ઘડી થયા પછી સમાયક પારવું તે નિચે પ્રમાણે.

ખમાસમણ દેઇ, ઇરિયાવહિ પડિક્કમાથી યાવત્

લોગસ્સ સુધી કહી, ખમાસમણ દેઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તી પડિલેહુ; કહી મુહપત્તિ પડિલેહવી. ખમાસણ દેઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સમાયક પારૂં. યથા સક્તિ:।। વળિ ખમાસમણ દેઈ, ઇચ્છાકારેણં સંદિસહ ભગવન્ સામાયક પાર્યું.।। તહત્તિ કહી જમણો હાથ ચવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી એક નવકાર ગણી સામાઇય વયજુત્તો કહીએ તે નિચે પ્રમાણે:।।

## અથ સામાઇઅ વયજુત્તો.

સામાઇઅવયજુત્તો, જાવમણે હોઇનિયમ સંજુત્તો, છિન્નાઇઅસુહંકમ્મં, સામાઇય જત્તિઆવારા: સામાઇઅંમિઉકએ, સમણોઇવ સાવઓ હવઇજમ્હા, એએણ કારણેણં, બહુશો સામાઇઅંકુંજજા:।। સામાયક વિધિલીધું, વિધિપાર્યું, વિધિ કરતાં; જે કોઇ અવિધિ હુઓ હોય, તે સવીહું મન વચન કાયાએ કરી મિછામિ દુક્કડં ।। દસ મનના દસ વચનના બાર કાયાના એવં ૩૨ દોષમાં જે કાંઈ દોષ લાગ્યો હોય, તે સવી હું મન વચન કાયાએ કરી તસ્સ મિછામિ દુક્કડં ।।:

પછી જમણો હાથ થાપનાચાર્ય સામો સવળો રાખીને એક નવકાર ગણીએ:।। પછી ઉઠવું.।।

જે વખત અવકાસ મળે તે વખતે નાહી ધોહી સુદ્ધ થઈ સુદ્ધ વસ્ત્ર પેહેરી અંતરવાસી નાખી દેરે પૂજા કરવા જવાની વિધિ:

પૂજનિકે પોતાના કપાલમાં ચાંલો કરવો આઠ-પડો મુખકોસ બાંધી જીનજીની અષ્ટ દરવથી પુજા કરીએ: તેના નામ,

૧ જળની, ૨ ચંદણની, ૩ ફુલની, ૪ ધુપની, ૫ દીપકની, ૬ અક્ષતની, ૭ નિવેદની, ૮ ફળની.

એ રીતે પુજા કરવી તેમાં નીચે લખેલો દુહો કહેવો પછી પુજા કરવી.

૧ દુહો.

ઊત્તમ જલથી પખાળીએ, શ્રી જીનવરનું અંગ,
ભાવ ધરી પુજા કરે, હોવે સીવગતિ સંગ;

જળની પખાલ કરવી ને તે કરતાં નીચે લખેલા મંત્રા અક્ષર કેહવા ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરા મૃત્યુ નિવારણાય, શ્રી મતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા:॥

૨ દુહો.

કેશર કસ્તુરી ઘસિ, ભરો કચોળી સાર;
જીનવર અંગ તે પુજતાં, હોવે ભવનો પાર.

કેસરથી પ્રભુના નવ અંગે તીલક કરીએ ને મંત્ર અક્ષર કેહવા.

ॐ ह्रीं श्रीं પરમ૦ ચંદનં ય૦ સ્વાહા !

તે નવ અંગના નામ.

૧ પગના બે અંગુઠા તેમાં એક આંગળી ભરી પેહલા જમણા પગના અંગુઠે કરીએ ને પછી તેને તે કેસરે ડાબા પગના અંગુઠે કરીએ.

૨ ઢીંચણ બે ઉપર કહ્યા પ્રમાણે પુજીએ.

૩ બે કાંડાં એ ઉપર કહ્યા પ્રમાણે પુજીએ.

૪ બે ભુજાએ ઉપર કહ્યા પ્રમાણે પુજીએ.

૫ સીર ઉપર ચાંલો કરી પુજીએ.

૬ ભાલ એટલે કપાલમાં ચાંલો કરી પુજીએ.

૭ ગળે ચાંલો કરી પુજીએ.

૮ છાતીએ ચાંલો કરી પુજીએ.

૯ નાભિએ ચાંલો કરી પુજીએ.

એ રીતે નવ અંગ પુજવા.

## ૩ દુહો.

અખંડ કુસુમ જીનને ધરો, ગુંથિ ફુલની માળ
સિવ રમણી તે પાણવા, પુજો જગત દયાળ,

મંત્રા અક્ષર કહી ફુલની પુજા કરીએ, ફુલ છુટાં ચડાવીએ તથા હાર ગુંથિ ચડાવીએ.

### ૪ દુહો.

અગર તગર દશાંગનો, કરીએ ધુપ વિશેષ
દુગંધા દુરે ટળે, ના રહે કર્મનો લેપ

મંત્રા અક્ષર કહી જીનદ્વારમાં ધુપ ઉખેવીએ.

### ૫ દુહો.

પંચમી ગતિને પામવા, કરીએ જીન દરબાર
ઘ્રત્ત દીપક મન રંગસુ, પામવા સિવસુખ સાર.

મંત્રા અક્ષર કહી ફાનસમાં જેમ પ્રાણી સચવાય તેમ ઘીનો દીવો કરીએ.

### ૬ દુહો.

ઉજળ અક્ષત હાથસું, લાવે જીનવરપાસ
સ્વાસ્તિક કરતાં લીજીએ, નિસે સીવપુર વાસ.

મંત્ર અક્ષર કહી પ્રભુ સામા અક્ષતનો એટલે ચોખાનો સ્વાસ્તિક કરીએ.

### ૭ દુહો.

જીનવર આગે મુકીએ, લાવી નિવેદ રશાળ
સિવ રમણી તે પામવા, પુજો દીન દયાળ.

મંત્રા અક્ષર કરી નિવેદ લાવી પ્રભુની પાસે મુકીએ

### ૮ દુહો.

અષ્ટ કર્મ નિવારવા, લાવો ફલ નિરધાર
પુરૂસો તમને પુજતાં, જાસે કર્મનો ભાર,

મંત્રા અક્ષર કહી સુંદર ફળ પ્રભુ આગળ મુકીએ
એ રીતે અષ્ટ પ્રકારી પુજા કરવી.

પછી—ભગવન્ સામે ત્રણ ખમાસમણ દઈ ચૈત્યવં-
દણ કરવું તે નિચે પ્રમાણે.

આજ દેવ અરિહંત નમું સમરૂં તોરૂં નામ ॥
જયાં જયાં પ્રતિમા જીન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ॥૧
સેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમુ ગિરનાર ॥
તારંગે શ્રી અજીતનાથ, આબુ રિષભ જુહાર, ॥૨॥
અષ્ટાપદગિરી ઉપરે, જીન ચોવિસી જોડ ॥
મણીમય મુરત માનશું ભરતે ભરાવી સોય. ॥૩॥
સમેત સિખર તિરથ વડો, જયાં વિસે જીનરાય ॥
વૈભાર ગિરી ઉપરે, વિર જીનેશ્વરરાય. ॥૪॥
માડવ ગઢનો રાજીયો, નામે દેવ સુપાસ ॥
રિખવ કહે જીન સમરતાં, પોચ્યે મનની આસ.॥૫॥

પછી— નીચે પ્રમાણે જંકિંચિ કહેવી.

જંકિંચી નામતિથ્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણ બિંબાઈં, તાઈં સવ્વાઇં વંદામિ ॥

પછી—નીચે પ્રમાણે નમુથ્થુણં કેહવું.

નમુથ્થુણં અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં
તિથ્થયરાણં સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિ-
સસીહાણં પુરિસવરપુંડરીઆણં પુરિસવર ગંધ-

હુથ્થીણં લોગુત્તમાણં લોગનાહાણં લોગહિઆણં લોગપઈવાણં લોગપજ્જોઅગરાણં અભયદયાણં ચખ્ખુદયાણં મગ્ગદયાણં સરણદઆણં બોહિદિયાણં ધમ્મદઆણં ધમ્મદેસિયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં અપ્પડિહયવરનાણં દંસણધરાણં વિઅટ્ટછઉમાણં જિણાણં જાવયાણં તિન્નાંણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં સવ્વન્નૂણં સવ્વદરિસીણં સિવ મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયઠાણં સંપત્તાણં નમોજિણાણં જિઅભયાણં જેઅઅઇઆસિદ્ધાજેઅભવિસ્સતિણાગએકાલે સંપઇવટ્ટમાણા સવ્વેતિવિહેણ વંદામિ.

પછી—જાવંતિ ચેઈઆંઈં કહીએ નિચે પ્રમાણે.

જાવંતિ ચેઇઆઇં ઉઢ્ઢેઅ અહેઅ તિરિઅ લોએઅ સવ્વાઈતાઈંવિંદે ઇહુસંતો તથ્થસંતાઈં.

પછી—ખમાસમણ દેઈ ઇચ્છામિ ખમાસમણ૦ કહી જાવંત કેવિસાહૂ કહીએ.

જાવંત કેવિસાહૂ ભરહે રવય મહાવિદેહેઅ સવ્વેસિંતેસિં પણઓ તિવિહેણ તિદંડ વિરયાણં

પછી—નિચે પ્રમાણે નમસ્કાર કરીએ.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્ય: ॥
પછી—નિચે પ્રમાણે ઉપસર્ગહ કહીએ તથા સ્તવન કહીએ.

## અથ ઉપસર્ગહર

ઉવસગ્ગહરં, પાસં પાસં વંદામિ કમ્મઘણ મુક્કં,
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણઆવાસં॥૧
વિસહરફુલિંગમંતં, કંઠેધારેઈ જોસયામણુઓ તસ્સ
ગહ રોગ મારી, દુટ્ઠજરા જંતિઉવસામં ॥ ૨ ॥
ચિટ્ઠઉ દુરેમંતો, તુજ્જપણામોવિ બહુફલોહોઈ,
નરતિરિએ સુવિજીવા,પાવંતિન દુક્ખદોગચ્ચં॥૩॥
તુહસમ્મતેલદ્ધે, ચિંતામણી કપ્પપાયવબ્ભહિએ.
પવંતિઅવિગ્ઘેણં જીવા અયરામરંઠાણં ॥૪॥ ઈઅ
સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ
તા દેવ દિજ્જ બોહિ, ભવેભવે પાસજિણચંદ॥૫॥

પછી—સીરથી ઊંચા હાથ જોડી રાખી જયવીરાય કહીએ

જયવીરાય જગગુરૂ હોઉમમં તુહપભાવઓ ભય-વંભવ નિવ્વેઓ મગ્ગાણુ સારિઆ ઇટ્ઠફલ સિદ્ધિ લોગ વિરૂદ્ધચ્ચાઓ ગરૂજણપૂઆ પરથ્થકરણંચ સુહ ગુરૂજોગો તવ્વયણસેવણા આભવમખંડા વારિજજઈ જઇવિ નિઆણ બંધણં વિઅરાય તુહસમએ તહ-

વિમમ હુજ્જસેવા ભવેભવે તુમ્હ ચલણાણં દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ સમાહિમરણંચ બોહિલાભોઅ સંપજ્જઉ મહએઅં તુહનાહ પણામ કરણેણં સર્વમંગલ માંગલ્યં સર્વકલ્યાણ કારણં પ્રધાનં સર્વ ધર્મીણાં જૈનં જયતિ શાસનં

પછી—અરિહંત ચેઇઆણં કેહેવી.

અરિહંતે ચેઇઆણં, કરેમીકાઉસ્સગ્ગં, વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગાવત્તિઆએ, સદ્ધાએ મેહાએ, ધીઇએ ધારણાએ, અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ ઠામિકાઉસ્સગ્ગં.

પછી—અન્નત્થ ઉસસિએણં કહી ઉભારહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. ॥

પછી—થોય કહેવી ને કાઉગ્ગ પારવો.

થોય.

કલ્લાણકંદં પઢમં જિણંદં, સંતિંતઓ નેમિજિણં મુણિંદં,
પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તિઇવંદે સિરિવદ્ધમાણં.

પછી—ખમાસમણ દેઈ વૃત્ય ચામર વિગરે પુજા કરવી.

---

પછી—સંસારના કામમાં વિના દોષી વેહપાર કરવો.

સાંજરે દેરાસરમાં જઈ ભવ આરત ટાલવા આરતી કરવી.

## આરતિ.

જયદેવ જયદેવ જયજીનવરદેવા, પ્રભુ જય જીનવરદેવા
ત્રણ જગતના સામિ, આપો હમ સેવા. જયદેવ જયદેવ.
શ્રી વર્દ્ધમાનરાયા, ત્રિસલાના જાયા; પ્રભુ ત્રિસલાના૦
શ્રીધારથ કુલ આયા, કંચન સમ કાયા, જયદેવ જયદેવ.
મુરત અતિસારી, લાગે સુખકારી; પ્રભુ લાગે૦
કેવળ લેઈને પામ્યા, સિવસુંદરી નારી. જયદેવ જયદેવ,
તુજ સાસન અતિસારૂ, લાગે હમ પ્યારૂ. પ્રભુ લાગે૦
સંકટ દૂર નિવારૂ, ભવજળથી તારૂ જયદેવ જયદેવ.
પ્રેમનજરથી ભાળો, ભવ આરત ટાળો. પ્રભુ ભવ૦
હરરોજ આવી નમતા, દાન દયા બાળો. જયદેવ જયદેવ.

## મંગળીક કાજે મંગળ દીવો કીજે.

દીવોરે દીવો મંગલીક દીવો, ભુવંન પ્રસારક જિન ચિરંજીવો
દીવોરે દીવો મંગલીક દીવો૦
ચંદ્ર સૂરજ પ્રભુ તુમ મુખ કેરા, લુછણ કરતાં દે નિત ફેરા.
દીવોરે દીવો મંગલીક દીવો૦
જિણતુજ આગળ સૂરનીઅમરી, મંગળદીપ કરીદીએ ભમરી.
દીવોરે દીવો મંગલીક દીવો૦
જિમજિમ ધુપઘટીપ્રગટાવે, તિમતિમ ભવનાં દુરિતદઝાવે

દીવોરે દીવો મંગલીક દી૦ ૦

નીરઅક્ષત કુસુમંજલિ ચંદન, ધુપ દીપ ફળ નૈવેદ વંદણ.

દીવોરે દીવો મંગલીક દીવો,

એણીપરેં અષ્ટપ્રકારી કીજે, પુજાસ્નાત્ર મહોત્સવપભણીજે.

દીવોરે દીવો મંગલીક દીવો, ભુવન પ્રકાસક જિન ચિરંજીવો

## હવે રાત્રીએ સુતિ વખતે ચાર સરણ કહેવા તે લખીએ છીએ.

મુજને ચ્યાર સરણ હજયો, અરિહંત શિદ્ધ સાધુજી;
કેવળી ધર્મ પ્રકાસીયો, રત્ન અમુલક લાધ્યોજી; મુજને
ચઉગતિ તણા દુખ છેદવા, સમરથ એહ સરણાજી:
પુર્વે મુનિવર જે હુવા, તેહને સરણા કીયા એહજી મુ૦
સંસાર માહી જીવસું, તાં સિમ સરણા ચારોજી.
ગણી સમય સુંદર એમ કહે, કલ્યાણ મંગળ કારોજી. મુ.

ઇતિ પ્રથમ સરણ સંપૂર્ણ.

લાખ ચોરાસિ જીવ ખમાવીએ;મન ધરી પરમ વિવેકોજી;
મિચ્છામિ દુકડં દીજીએ, સાત લાખ ભુદગત ઉવાવોજી
લાખ ચોરાસિ.
લાખ ચોરાસિ જીવ ખમાવિએ દશ ચઉવનના ભેદોજી
ખટ વિગદી સૂર તિરી નારકિ, ચ્યાર ચ્યાર નર ભેદોજી.
મુજવસર નહી છે કેહસું, સહુસ્યુ મૈત્રી ભાવોજી;
ગણી સમય સુંદર એમ કહે, પામીએ પુન પ્રભાવોજી.

ઇતિ દુતીય શરણ સંપુરણ.

પાપ અઢારે જીવ પરિહરો અરિહંત સિદ્ધની શાખયોજી.
અલોયણ પાપ છુટીયે, ભગવંત ઈણીપરે ભાખ્યોજી. પાપ૦
આશ્રવ કખાય દો બંધવો, વળી કલહ અભ્યા ખાણુજી;
રતિ અરતિ સૂત નિંદનો, માયા મોહ મિથ્યાતોજી. પાપ૦
મન વચન કાયાએ જે કિયો, મિચ્છામિ દુકડં દેહોજી
ગણી સમય સુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી.

અથ ત્રીત્ય શરણ સંપૂર્ણ.

ધન્યધન્ય તે દિન મુજ કહિ હોસે હું પામીસું સંજમસુધોજી
પુર્વે રૂષી પંથ ચાલસુ, ગુરૂ વચને પ્રતિ બુજોજી:ધન્ય ધન્ય
અનપાણી ભિક્ષા ગોચરિ, રણવંન કાઉસગ્ગ લેસ્યુજી.
સમતા ભાવ સત્રુ મિત્રસ્યું સંવેગ સુધો ધરવોજી:ધન્યધન્ય
સંસારના સંકટ થકી: છુટીસ જીન વચને અવતારોજી,
ધન્ય સમય સુંદર તે: ઘડી:પામીસતો ભવનો પારોજી. ધન્ય

અથ ચતૂરથી સરણ સંપૂર્ણ.

શ્રી મંદર સામિજીની શાખે મારે દુવીઆર તથા તીવીઆર અથવા ચોવીઆર માંથી સકતી પ્રમાણે પચખાણ વહાણુ વાતા સુધી છે,

## વીસ વેહેરમાનના નામ.

૧ મંધરસ્વામિ, ૨ યુગ મંધરસામિ, ૩ બાહુજીન,
૪ સુબાહુજીન, ૫ સુજાતસ્વામિ, ૬ સ્વયંપ્રભુ,
૭ રિખભાનન, ૮ અનંત વિર્યજીન, ૯ સૂરપ્રભજીન

૧૦ વિસાલજીન, ૧૧ વજરધરસ્વામિ, ૧૨ચંદ્રાનનસ્વામિ
૧૩ ચંદ્રબાહુસ્વામિ, ૧૪ ભુજંગદેવજી, ૧૫ ઇશ્વરજીન
સ્વામિ, ૧૬ નમિપ્રભુ, ૧૭ વિરસેનપ્રભુ, ૧૮ મહાપ્રભ
સ્વામિ, ૧૯ દેવજસસ્વામિ, ૨૦ અજીત વીર્યજી,

એ વીશે વેહરમાન સ્વામિને મારી કોડ કોડ વાર વંદણા હજો.

આબુ અષ્ટાપદ ગિરનાર સમેત શિખર સેત્રુંજો સાર
દ્વિપ નંદીશ્વર મેરૂ ગિરિજોય સ્વાસ્તા જીન વંદુસોય.
ગોખલે ગભારે ભુતલમાહી જીનપ્રતીમા હોયજ જાહી
દેવલોકમાં વળી હોય જેહ, વંદુ બે કરજોડી. તેહ.

ઇતિ શ્રાવક ક્રિયા સંપૂર્ણ.

---

## પદ ૧.

## ચોવીશે પ્રભુનું સ્તવન—ઈંગ્રેજી રાહ.

પ્રણામ પ્રણામ પ્રણામ કરો બંધુઓ પ્રણામ,
ચોવીશયે જીનરાજને કરો જૈનીયો પ્રણામ;
ઋષભ અજીત શંભવ અભિનંદન, સુમતિનાથ ભગવાન,
પદ્મ પ્રભુને ભાવે ભજીએ, રકત વર્ણ છે વાન. પ્ર૦ ૧
સુપાર્શ્વનાથ સપ્તમાં પ્રભુ, વીશલાખ પુરવનુ આય;
ચંદ્રપ્રભુને સુવધીનાથની, ઉજજળ વરણી કાય. પ્રં૦ ૨
શીતળનાથ શ્રેયાંસ પ્રભુને, વંદો બે કર જોડ;

રક્તવર્ણના વાસુ પુજ્ય, પોચાડે મનનાં કોડ. પ્ર૦ ૩
વિમળ અનંત ને ધર્મ પંદરમાં, શાંતીનાથ જીનરાજ;
કુંથુઅરની શેવા કરતાં, સરશે સઉના કાજ. પ્ર૦ ૪
મલ્લિનાથ છે નીલ વર્ણના, મુની શુવ્રત છે શ્યામ;
એકવીશમાં તીર્થંકર કેરૂં, નમીનાથ છે નામ. પ્ર૦ ૫
બ્રમચ્યારી પ્રભુ નેમનાથની, અંજન સમ છે કાય;
પાર્શ્વનાથ છે નિલ વર્ણનાં, શેવ્યાથી સુખ થાય. પ્ર૦ ૬
ચોવીશમાં પ્રભુ વીરજીણંદને, ચરણે નામી શીશ;
એક ચીત્તથી ધ્યાન ધરીને, આરાધો જગદીશ. પ્ર૦ ૭
દો રાતા દો ધોળા નીલા, દોય પ્રભુ છે સ્યામ;
સોળ જીનેશ્વર કંચન વર્ણના, પોચ્યા મુક્તિ ધામ. પ્ર૦ ૮
દાન દયાના બાળ મળીને, માગે પ્રભુની પાશ;
કરજોડી શેવક વીનવે છે, પુરો અમારી આશ. પ્ર૦ ૯

## પદ ૨.

### પુર્ણ થયો છે ખેલ—એ રાગનું.

વિનતડી અવધાર, જગતપતિ વિનતડી અવધાર;
કાળ અનંતા આથડી આવ્યો, આવ્યો તુમ દરબાર. જ૦
લખચોરાશી ભવમાં ભટકયો, તોએ ના આવ્યો પાર. જ૦
નિશ્ચય કરી પ્રભુ આજ તો તમને, જોયાછે તારણહાર. જ૦
માટે કૃપા નીધી કરૂણા કરીને, સૂણો શેવકનો પોકાર. જ૦
પ્રેમ નજરથી સામું જોતાં, થાએ કર્મ ખુવાર. જ૦

જેમ ભુજંગ ભાગીને જાએ, મોર દેખે તેણીવાર. જ૦
શેશ કળાથી સૂરજ ઉગ્યે, નાસ્તિ પામે અંધકાર. જ૦
તેવી રીતે તુમ મળ્યાથી, રેહેના કર્મ લગાર. જ૦
મોડા વેહેલા અંતે સ્વામી, તારસ્યો તમે નીરધાર. જ૦
તો હવે સ્યાને કારણ જીનજી, ઘણી કરોછો વાર. જ૦
પ્રેમ નજરથી દીન દયાળુ, કરસ્યો અમ ઉપગાર. જ૦
તુમ ચરણોએ શીશ નમાવી, નમીએ વાર હજાર. જ૦
દાન દયાના બાળ મળી સઉ, વંદે વારંવાર. જ૦
કર જોડી તુમ પાસે માગે, આપો શીવ સુખ સાર. જ૦

પદ ૩.

કામ છે દુષ્ટ વીકારી. એ રાગ.

શી ગતી થાશે હમારી, હાંહાંરે પ્રભુ શી ગતી થાશે હમારી;
ચાર દુષ્ટ મારી કેડે પડ્યા છે, ક્રોધ માન મોહકારી હાંહાંરે.
વળી માયા મારેછે મુજને, વૈરીએ અમ કેરાભારી. હાંહાંરે.
તે કારણ તુમ શરણે આવી, વિનતડી અવધારી. હાંહાંરે.
તુમ વિના તે સર્વે દુષ્ટો, જાયે કેમ નીવારી. હાંહાંરે.
આ જગતમાં દેવ ઘણા છે, બ્રહ્મા કૃષ્ણ મોરારી; હાંહાંરે.
પીર પેગંબર ને વળી માતા, જોયા જગતમાં ધારી. હાંહાંરે.
તે સર્વેમાં તુંજને દેખું, ગણ ગુણના ભંડારી; હાંહાંરે.
તુમ વીના દુજો નહી સ્વામી, દૂનિયામાં તારણહારી. હાંહાંરે.
માટે દયાળુ દુષ્ટોને કાહાડી, દેખાડસો શીવનારી. હાંહાંરે.
દાન દયાના બાળ મળીને, એટલી અર્જ ગુજારી. હાંહાંરે.

## પદ ૪.

માતાજી મને મેહેર કરી રજા આપોરે. એ રાગ.

જગ્ત ગુરૂ આજ હુમને કૃપા કરોરે.
તુમે જગ્તના સ્વામીરે, નમીયે હુમે શીરનામીરે;
પ્રભુ વિનતડી અવધારો, (૨) આ ભવથી પાર ઉતારો;
ડુબાતો તુમ સેવક, તેને જલ્દી તારોરે. જગ્ત. ૧
કાળ અનંતા માંહીરે, ભટકી આવ્યો આંહીરે;
દરીશન તુમારૂં કરણ, જાસ્યે જર્ણ ને મર્ણ;
હેવું તુમારૂં શર્ણ, દેવા નિશ્ચે જાણું રે. જગ્ત. ૨
સાહેબ તુંછુ મારોરે, શેવક હુંછુ તારોરે;
માહારે મન તુંતો એક, તારે તો ભક્ત અનેક;
ભક્તિના વશ થઇને, શેવક સામું જુઓરે. જગ્ત, ૩
એક નજરથી જોઈ રે, દુઃખડાં મારા ખોઈ રે;
ઝાલીને અમ હાથ, આપોને શીવ સાથ;
દેખાડો મુજને નાથ, શીવનારી પ્યારી રે. જગ્ત. ૪
દાન દયાની ટોળીરે, તુમારા આગે બોલી રે;
તુમે મોહોટા માહારાજ, સુધારો અમ કાજ;
અવીચળ સુખડું અમને, પ્રભુ તમે આપોરે. જગ્ત. ૫

## પદ ૫.

રાજા વાત કહુછું સાચી. એ રાગ.

પ્રભુ વિનતી કરૂંછું, તમને આજ મોરીરે;

આજ મોરીરે તુમને આજ મોરીરે. પ્રભુ વીનતી.
લખચોરાસી માંહે હું તો, ફર્યો અનંતી વાર;
જન્મ મરણનાં દુઃખ સહ્યા પણ, હજીએ ન આવ્યો
પાર. પ્રભુ. ગા. ૧
દેવ ઘણા દીપતાને જોયા જક્તની માંહી;
માતા મહાદેવ વિષ્ણુ જોયા, તુમ જેવા તે નહી.
પ્રભુ. ગા. ૨
તુમ સરીખા મુજ શીર છતાને, કર્મ કરે કેમ જોર;
ભુજંગ જલ્દી નાશી જાયે, દેખે જ્યારે મોર. પ્રભુ. ગા. ૩
જે જગ્યાપર સીંહ વીચરે, હસ્તી ત્યાં નવ હોય;
તેવી રીતે તુંમ મળ્યાથી, બીજાનો સ્યો ભો. પ્રભુ. ગા. ૪
આધાર પ્રભુ નક્કી જાણી, આવ્યો તારી પાસ;
પ્રેમ નજરથી મુજને દેખો, હું છું તારો દાસ; પ્રભુ. ગા. ૫
દાસ તુમારી પાશે માગે; જલ્દી મુજને ત્તાર,
કર્મ હમારાં સઘળા કાપી, ભેજો મોક્ષ મોઝાર. પ્રભુ. ગા. ૬
મોડા વેહેલા અંતે સ્વામી, તુમે છો તારણ હાર;
દાન દયાનો લાલ કહેછે, કેમ કરોછો વાર. પ્રભુ. ગા. ૭

પદ ૬.

દાહ ઉઠી છે દુઃખની દીલમાં. એ રાગ.

નાથ તારા દાસ ઉપર, પ્રેમ ધરી કૃપા કીજે;
સ્વામી તારો મુખ સારો, લાગે મુને અતી પ્યારો.

ઘણા ગુણનો ભંડારો, તેથી મુજ મનડું રીઝે નાથ. ગા. ૧
કીકી તારી કામણગારી, તેથી મોહે સુરની નારી,
જુવે તને નજરે ભાળી; તેનું કાજ તો શીજે.નાથ. ગા.૨
ભક્તિ કરે જે જન સ્વામી, રેહેશે તુજને શીર નામી,
નિશ્ચે હોય મોક્ષ ગામી; ભાવ ધરીને પુજે.નાથ.
મનવંછીત આસ્યા પુરે, સઘળા કર્મોને તે ચુરે;
પાપ પડળ કરે દુરે, જે નર તું મને તો ભજે. નાથ.ગા.૪
દાન દયા ટોળી નાથ, તેનો ઝાલો તુમે હાથ;
દેખાડો ને શીવ સાથ, અવિચળ સુખડું દીજે. નાથ.ગા.૫

પદ ૭.

કહું છું નશીબે દુ:ખીઓ કીધો છે. એ રાગ.
શાંતી જીનેશ્વર અરજ સ્વીકારો,
જન્મ મરણનો ફેરો નીવારો.
કાળ અનંતા ભવ માંહે ભટકયો,
તોએ આવ્યો નહી આરો હમારો. શાંતિ. ગા. ૧
પુર્વે પુન્ય કીધાં હશે જીનજી,
દીઠો દેદાર મેં નાથ તુમારો. શાંતી ગા. ૨
આજ મનોરથ હમારાં ફળીયાં,
સફળ થયો હવે જન્મ હમારો. શાંતી. ગા. ૩
આશા પુર્ણ કરસ્યોજ દેવા,
બાળ તુમારો અતિ દુ:ખીઆરો. શાંતી. ગા. ૪

ભવજળ માંહે શેવક ડુબેછે,
દીન દયાળુ તમે તો ઊગારો. શાંતી. ગા. ૫
મોડા વેહેલા પ્રભુજી તુમારે,
તાર્યા વિના નહીં છુટકો થનારો. શાંતી. ગા. ૬
તો હવે વાર કરો સ્યા કારણ,
હસ્ત ગ્રહીને જલદીથી તારો. શાંતી. ગા. ૭
દાન દયા બાળકો મળી બોલે;
તુમ સાહેબ હમ પાર ઊતારો. શાંતી. ગા. ૮

પદ ૮. રાગ કલ્યાણ.

પાર્શ્વનાથજી વિનતી કરૂં, પ્રથમ તારૂં નામ પ્રભુ
દિલમાં ધરૂં.
શેવક હું તો તારો પ્રભુ ગરીબ છું અનાથ;
અર્જ સુણી મુજને આપો અવિચળ સુખડું નાથ.
પાર્શ્વનાથ. ૧
સર્વે દેવ દેવમાંહી મોટોરે દેવ તુ,
તુમ જેવા બીજા દેવ દેખુંરે નહી હું. પાર્શ્વનાથ. ૨
નીશ્ચે કરીને જાણ્યું પ્રભુ તારણહાર તુમે;
સમકીત ધારી જોયા સ્વામી, સર્વમાં હમે. પાર્શ્વનાથ. ૩
સુરીનર ઇંદ્ર ચંદ્ર પુજે તોરા પાય;
ભાવ ધરીને શેવા કરતાં, શીવપુરમાં જાય. પાર્શ્વનાથ. ૪
માટે કરૂણા નજર કરીને, દેખાડો શીવનાર;
દાન દયાની ટોળી પ્રભુ, વંદે વારોવાર. પાર્શ્વનાથ. ૫

## પદ ૯.

છલા તુમારા યાદ રખના. એ રાગ.

પાશ પ્રભુજીકા નામ સમરના;
નામ સમરનાં નહીં વીસરના. પાશ પ્રભુ૦
એ જીનજીસે પ્રીત લગાકે,
ઉઠી પ્રભાતે ધ્યાનમેં ધરના. પાશ પ્રભુ૦
કર્મ ખપાવે એ જીન નામે;
જેથી કરી ભવ પાર ઉતરનાં. પાશ પ્રભુ૦
શીવપુર જાવે એ પ્રભુ શેવે;
એસા હે ઓ દેવકા ચરણા. પાશ પ્રભુ૦
શીવ રમણીકા ચાવ હોવેજો;
દરરોજ ઉસકા પુજન કરના. પાશ પ્રભુ૦
તન ધન જોબન એ જગમાયા;
એ સંસારમે જુઠા સમજના. પાશ પ્રભુ૦
દાન દયાકી ટોળીજ વાળા,
લેતા નિત્ય નિત્ય પ્રભુજીકા શરણા. પાશ પ્રભુ૦

## પદ ૧૦.

પુર્ણ થયો છે ખેલ. એ રાગ.

પાસજીને પ્રણામ કરૂંરે હું તો પાસજીને પ્રણામ,
ખટ દરીશનમાં એ પ્રભુ ચાવો ત્રણ જગતમાં નામ.
કરૂંરે હુંતો. ગાં. ૧

નામ શુણીને એ પ્રભુ શેવે પોહોચે મનની હામ.
કરૂં રે હું તો. ગા. ૨

અષ્ટ દ્રવ્યથી એ જીન પુજે, તેનું સરશે કામ.
કરૂં રે હું તો. ગા. ૩

દાનદયા લાલનો એ તારણ, પાસજીનેશ્વર શ્યામ.
કરૂં રે હું તો. ગા. ૪

## પદ ૧૧.

અરે લાલ દેવ ઇશ તરફ જલદી આવ. એ રાગ.

અહો પાર્શ્વનાથ તું અરજી સ્વીકાર,
ડુબાતા આ શેવકો પાર ઉતાર;
ભમ્યો ભવ માંહે ન આવ્યો પાર,
પુરવ પુન્યે પામ્યો હું તારો દેદાર. અહો૦
મોડા વેહેલા તુમે છો તારણહાર;
તો હવે શ્યાને કરોછો ને વાર. અહો૦
અમો બાળકોના છે વાંક હજાર;
નાખી કુંપ માંહે કરો ઉપગાર. અહો૦
દાન દયા બાળ શિષ્ય અપાર;
માગે શીવ સુખ તે વારંવાર. અહો૦

## પદ ૧૨.

મરૂંછું વૈરી હાથથી. એ રાગ.

પ્રણામ હોજ્યો પ્રભુકું માહારા૪કુ પ્રણામ,

મહારાજકુ હે પ્રણામ, જીનરાજકું પ્રણામ; પ્રણામ હોજો.
પ્રથમ આદીનાથકું, મે અર્જ કરૂં સાર;
દુઃખકીમેં બાત કહું, કરીને પ્રણામ. પ્રણામ. ૧
મુજકું દુઃખ દેવે બહુ કર્મ શત્રુ રાય;
તે દુઃખ દુર કીજીએ તમે હમારા શ્યામ. પ્રણામ. ૨
આપકો મેં ધ્યાન ધરૂં ઔર નહી મુજે ધ્યાન;
બ્રહ્મા વીષ્ણુ માહાદેવા સારે સ્યું રે કામ. પ્રણામ. ૩
માટે દયાળુ દેવ તુમે પુર હમારી આશા;
દુશ્મનોકું દુર કરી આપો શીવ ઠામ. પ્રણામ. ૪
દાન દયાના બાળો સર્વે તુમારા પ્રભુ દાસ;
હસ્ત જોડી વારંવાર લેવે તુમ નામ. પ્રણામ. ૫

## પદ ૧૩.

ઇનસાકા કામ હુસ્નપે મેરા તમામ હે. એ રાગ.

સખી જાકે નેમ પ્યારેકું, સમજાકે લાવેગા;
ઉસકુ કે કે મેરા હાલ, જલ્દીશે લાવેગા.
મુખડાં પ્રીતમ બતલાકે, મેરા મન લીયા હરી;
જદુપતી નેમનાથ, ફોશલાકે લાવેગા.
ઘડી તો એક વર્ષ સમ, મુજે થાપડી;
રાજુલ રહીછે એકલી, કોન બોલાવેગા.
દીક્ષા તો લઈ નાથને, ખબરયું મીલી;
જદુરાય હવે કીશ તરે ઘરકુ આવેગા.
રાજુલ રાણી નેમ પાશ જલ્દી તો ગઈ;

દીક્ષા લઇને ઝટ શીવ સુખ પાવેગા.
દાન દયાના બાળ પ્રભુ નિત નિત જપે;
ભક્તિ કરેથી સબકુ શીવ સુખ દેવેગા.

પદ ૧૪.

કહુછું નશીબે દુઃખીયા કીધા છે. એ રાગ.

ઓગણીશમાં મલ્લી જીનરાયા,
માત પ્રભાવતી રાણીએ જાયા.
નગરી મીથુલા કુંભ નરેસર,
તેહની કુળે પ્રભુજી દીપાયા. ઓગણી. ગા. ૧
ધનુષ પચ વીશના દેહડી જાણો;
કળશ લંછન જીનજી કેશોહાયા. ઓગણી. ગા. ૨
એક સેસ અડ લક્ષણ પ્રભુના;
કુંવરીપણે નીલવર્ણી છે કાયા. ઓગણી. ગા. ૩
વિણ પરણે પ્રભુ વ્રત ગ્રહીને,
કેવળજ્ઞાન પ્રભુજી તો પાયા. ઓગણી. ગા. ૪
દેશના દેઈ ભવી જીવ તાર્યા;
ગણધર અડવીશ જીનકા કહાયા. ઓગણી. ગા. ૫
સેંશ પંચાવન સાધવી સોહે;
ચાલીસ હજાર કહ્યા મુનીરાયા. ઓગણી. ગા. ૬
એક લાખ ત્યાશી હજાર છે શ્રાવક;
એહ પરીવારે જીન વીચરાયા. ઓગણી. ગા. ૭

સેંશ પંચાવન આણુ પ્રભુ પાળી;
જોતમાં જોત જીનજીએ મીલાયા. ઓગણી. ગા. ૮
દાન દયા બાળ સેવણ આવી;
ચર્ણુકમળસે ચીત લગાયા. ઓગણી. ગા. ૯

## પદ ૧૫. રાગ ઠુમરી.

પાર્શ્વ પ્રભુ તમે અંતરજામી,
તુજમાં નહી કાંઈ ખામી રે. પાર્શ્વ પ્રભુ.
અર્જ હમારી સુણો નાથજી,
તુમે મોક્ષનગરના ગામીરે. પાર્શ્વ. ગા. ૧
મનવંછીત ફળ પાવું તુમસે,
મુજ મન એવી હામી રે. પાર્શ્વ. ગા. ૨
ભવ સમુદ્રસેં પાર ઉતારો,
એટલી અર્જ છે સ્વામી. પાર્શ્વ. ગા. ૩
ઓર કછું નવ જાચુ જીનજી,
ઓર નહીં હે કામી રે. પાર્શ્વ. ગા. ૪
માટે મેહેર કરો અમ ઉપર,
તમે જગત વીસરામી રે. પાર્શ્વ. ગા. ૫
દાન દયા બાળ તુમને દેખી,
મનમાં સંતોષ પામી રે. પાર્શ્વ. ગા. ૬
કરજોડી સનમુખ રહીને,
અર્જ કરે શીરનામી રે. પાર્શ્વ. ગા. ૭

## પદ ૧૬. રાગ ઠુમરી.

આજ આવ્યો પ્રભુજી હું તો તોરે દરબાર.
તોરે દરબાર હું તો તોરે દરબાર. આજ. ગા. ૧
મનોહર રૂપ દેખી જીન તારો,
ઉપજયો હમને હર્ષ અપાર. આજ. ગા. ૨
અષ્ટ દ્રવ્યસેં જીનજી પુજું,
જાણીએ જગતકો તારણહાર. આજ. ગા. ૩
ઉત્તમ જળથી અંગ પખાળું,
આંગી રચું કેસર ઘન સાર. આજ. ગા. ૪
સરસ સુગંધી ધુપ ઉખેવું,
દીપ કરૂં ફાનસમોઝાર. આજ. ગા. ૫
ચુંન ચુંન કળીયાં ફુટી ચઢાવું,
કંઠે ધરૂ મોતનકો રે હાર. આજ. ગા. ૬
અક્ષત અખંડીત સ્વાસ્તીક પુરી,
નૈવેદ ફળ ધરૂં થઈ ઉજમાળ. આજ. ગા. ૭
એને વિધ અષ્ટ પ્રકારે પુજી,
સ્તવન કરૂં જીનજી નીરધાર. આજ. ગા. ૮
એ રીતે ભાવ ધરીને ભકતે,
કરસ્યું પુજન નીત સવાર. આજ. ગા. ૯
દાન દયાના બાળકો કેરો,
કરજયો સ્વામીજી ભવનો પાર. આજ. ગા.૧૦

## પદ ૧૭. કેરબો.

થયો થયો હરખ મને આજ ઘણો રે;
આજ ઘણોરે પ્રભુ આજ ઘણોરે. થયો.ગા૦ ૧
શાંતી પ્રભુના દરીશણ કરતાં, શાંતી ઘણેરી થાય;

મોહનગારી સુરત જોતાં, ભવની ભાવટ જાય. થયો. ગા૦૨
સુરીનર ઇંદ્રિ સરખાં, પુજે પ્રભુના પાય;
બેકરજોડી જીનની આગે, ગુણ ઘણેરા ગાય. થયો. ગા૦૩
વંછીત પુરણ કરી ચુરણ, એછે જગવિશ્રામ;
ભાવધરીને શેવા કરતાં, સરસે સઘળું કામ. થયો. ગા૦૪
અનેક ગુણધારી છે સ્વામી, કરજયો મન વિચાર;
ચર્ણકમળની શેવા કરવાં, ચાલો જીન દરબાર. થયો. ગા૦૫
દાન દયાના બાળ મળીને, આગે પ્રભુની પાસ;
સોળમાં જીનની શેવા કરતાં, પુર્ણ થશે મન આશ.થયો.ગા.

## પદ ૧૮. વણઝારાની દેશી.

તુમે આદીશ્વર ઉપગારી, આજ અર્જ સુણજો હમારી;
મુજ વિનતડી અવધારો, આ ભવ દધી પાર ઉતારોરે;
જુવો પ્રેમ નજરથી ભાળી. આજ. ગા. ૧
હુવો સફળ દીવસ તે હમારો,દેખ્યો દેદાર સ્વામી તુમારોરે
તુમ સુરતી લાગે બહુ પ્યારી. આજ. ગા. ૨
પ્રભુ તારણહાર છો સ્વામી, વળી મોક્ષ વધુનાં ગામીરે;
છો નિરાગી સુખકારી. આજ. ગા. ૩
પ્રભુ અવિચળ સુખડું આપો, જીન દુઃખ હમારા કાપોરે,
શું જુવોછો જીન વિચારી. આજ. ગા. ૪
સ્વામી અંતરઘટની વાત, કહીએ તે કોને તાતરે;
તુમ વિના ન જાવે ગુજારી. આજ. ગા. ૫
સાહેબ મારૂદેવા જીનંદા, અને નાભીરાયા કુળચંદારે;
શોનંદા સો મંગળા નારી. આજ. ગા. ૬
ચક્રી ભર્ત બાહુબળ પુત્ર, દુજા અઠાણું ઘર સુતરે;
તે સર્વેને લીધા તુમે તારી. આજ. ગા. ૭

કેમ મૌન ધરા મુજ વેળા, નહી કરતાં શીવપુર ભેળારે;
સ્યો અવગુણ અમકો ધારી. આજ. ગા. ૮
નવ કરોને મારાં તારાં, તુમે કહાવો જક્ત આધારારે;
વળી અનેક ગુણ ભંડારી. આજ. ગા. ૯
સ્યું ઝાઝું તમોને કહીયે, દાન દયા સુખલાલ દઇએરે;
સ્વામી કહીયે વાર હજારી. આજ. ગા. ૧૦

## પદ ૧૯. રાગ ઉપર પ્રમાણે.

પ્રભુ વિર જીણંદે વિચારી, ભાખ્યા પર્વ પજુશણ ભારી,
આખા વર્ષમાંહી તે મોટા, દીન આઠ નહી તે છોટારે,
એ ઉત્તમને ઉપગારી. ભાખ્યા. ગા. ૧
જેમ ઓસધ માંહે કહીએ, અમ રીત તે સારૂ લહીએરે;
મંત્રમાં નવકાર વારી. ભાખ્યા. ગા. ૨
તારા અંદર મોટા ચંદ્ર, સુરનર માંહી જેમ ઇંદ્રરે;
સતીયોમાં સીતા નારી. ભાખ્યા. ગા. ૩
વૃક્ષમાંહી કલ્પ તરૂ સારો, એમ પર્વ પજુશણ ધારોરે;
સુત્રમાંહી કલ્પ ભવ તારી. ભાખ્યા. ગા. ૪
તે દીવસે રાખી સમતા, છોડો મોહ માયાને મમતારે;
સમતારસ દિલમાં ધારી. ભાખ્યા. ગા. ૫
જો બને તો અઠાઈ કીજે, વળી માસ ખમણ તે લીજેરે;
સોળ ભથ્થાની બલીહારી. ભાખ્યા. ગા. ૬
નહીતો ચ્યાર છઠતો લઈએ, અઠમ કરી દુઃખ સહીયેરે;
તે પ્રાણી જુજ અવતારી. ભાખ્યા. ગા. ૭
નવ પુર્વ તણો શાર લાવી, એક કલ્પસુત્ર બનાવીરે;
ભદ્રબાહુ વિર અનુસારી. ભાખ્યા. ગા. ૮
સોના રૂપાના ફુલડા ધરીએ, એ કલ્પની પુજા કરીએરે;
એ શાસ્ત્ર અનોપમ ગારી. ભાખ્યા. ગા. ૯

સુગુરૂ સુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વારરે;
જુવે અષ્ટ ભવે શીવ પ્યારી. ભાખ્યા. ગા. ૧૦
ગીત ગાય વાજીંત્ર વજાવે, પ્રભુજીની આંગિ રચાવેરે;
કરે ભક્તી વાર હજારી. ભાખ્યા. ગા. ૧૧
હેવા અનેક ગુણુના ખાણી, તે પર્વ પજુશણ જાણીરે;
શેવો દાન દયા મનોહારી. ભાખ્યા. ગા. ૧૨

પદ ૨૦. સૈયર દુખ શું દાખવું.

ધર્મ જીનેશ્વર સાંભળો, એક અર્જ હમારી;
પુરણ પ્રીતથી પ્રણમી, લહું વાત ગુજારી. ધર્મ. ગા૦૧
કર્મ કીધા મેં અતીઘણા, હીણબુદ્ધ હમારી;
રાજી થયો રૂદીઆ વિશે, પેખી પરનીજ નારી. ધર્મ ગા૦૨
કપટ કરી ધન મેં હર્યું, જોયું કાંઈ ન વિચારી;
જુઠી શાખ ધન લાલચે, આપી વારંવારી. ધર્મ. ગા૦૩
પરનીંદામાં પધારો, બેસું થઈ હુંશીયારી;
એવા અનેક પ્રકારનાં; કીધાં કર્મ મેં ભારી. ધર્મ.ગા૦૪
નાથજી નામ તો તમતણું, નવી લીધું સંભારી;
ફોગટ જન્મ ગમાવીને, ગયો ભવોભવ હારી. ધર્મ.ગા૦૫
કોઇક પુન્ય પાશાયથી, આવ્યો તુમ દરબારી;
મુરત દેખી જાણીયુ, દેવ અતી સુખકારી. ધર્મ. ગા૦૬
જાણ્યું કરમ મુજ, કાપશો, લેશો ભવ દધી તારી;
તુમ વિના બીજો નહી, દેવ તારણહારી. ધર્મ. ગા૦ ૭
બ્રમા વિષ્ણુ માહાદેવા, બીજા કૃષ્ણ મોરારી;
પણ સમર્થ નહીં તારવા, જોયા નજરે મેં ધારી. ધર્મ.
માટે કૃપાનીધી માહરા, અમ અર્જ સ્વીકારી;
કર્મ કપીને દેખાડજો, શીવ સુંદરી પ્યારી. ધર્મ.

શાહેબ શરણુંછે તુમ તણું, એક તુજ આધારી;
ધર્મજીનેશ્વર પુજતાં, લેશયે પાર ઉતારી. ધર્મ.
શેઠ હઠીભાઈની વાડીએ, બેઠા પરઉપગારી;
દાનદયાના બાળકો, આવે દર રવીવારી. ધર્મ.

પદ ૨૧. વરસાદ ચઢયો એ રાગ.

દુઃખ હરો પ્રભુ દુઃખ હરો પંદરમા જીનવર દુઃખ હરો
અષ્ટ કર્માએ હમકું ફસાયા, નાથ નીરજંન કરજો નરો.
મેહેર કરી માહારાજ હમારા;
શત્રુને સઘળા દુર ધરો. દુઃખ. ગા. ૨
હું અપરાધી છું માહા પાપી;
શીવપુરમાંહે તુજ રહ્યો. દુઃખ. ગા. ૩
ભવ સમુદ્રમાં ગોથાં ખાઊં;
તું તો સાહુર શેજ તર્યો. દુઃખ. ગા. ૪
આ ભવ માંહે તરણ તારણ તું;
ધર્મજીનેશ્વર તુંજ ખરો. દુઃખ. ગા. ૫
દાનદયા બાળકને શ્વામી;
હેત ધરીને સુખીયાં કરો. દુઃખ. ગા. ૬

પદ ૨૨. લાવણી. રાગ.

કોઈ શખી બોલાવો, નેમ મેરો દીલજાની;
શ્યા અવગુણશે, મુજ છોડી બાત નવી જાણી;
કોઈ કરો હમારૂં કામ, આપું બહુ દામ; શ્યામકું લાવે;
મેરી સઘળી દુઃખકી બાત જાકે સુણાવે;
મને ઘડી એક ના ગમે; કામ બહુ દમે નાથ વિજોગે;
પળ એક ચેન નવ પડે વિના સંજોગે;
પ્રભુ ધરે તુમપર પ્યાર તો રાજુલ રાણી;

શ્યા અવગુણસે મુજે છોડી બાત નવી જાણી. ગા. ૧
કોઈ જાવે નેમકી પાસ, પુરે મુજ આશ બાત જઇ સુણાવે.
તેને આપું મોતનકી માળ, શ્યામ ઘેર આવે;
સખી કરો એટલું કાજ કહું છું આજ માહારૂં આ વેળા
હું આપું અખુટ ભંડાર શ્યામ હોય ભેળો.
જાઓ જાઓ સખીયો, જરૂર કહ્યા મુજ માની:
શ્યા અવગુણસે મુજે છોડી બાત નવી જાણી ગા. ૨
તવ આવી સખી તે વાર કરે ઉચ્ચાર, નેમ તો ચાલ્યા.
ગિરનારની ઘાડી વાટ, માર્ગ તે ઝાલ્યા;
લેએ શંજમ ત્યાં નાથ, મુનીને સાથ, શેશાવનમાંહી;
કેવળપદ પાંમ્યા નેમ નગીના ત્યાંહી;
હવે રાખ ધીર તું, શખી કહ્યા મુજ માની;
તેણે તો છોડયો આ શંસાર ભયા છે જ્ઞાની; ગા. ૩
રાજેમતી કરે વિચાર નહીં આધાર ઝેર ખાઈ મરવું.
મારે પતિ વીના તો રહ્યું રાત દીન રડવું;
મેં કીધા ઘણા ઉપાય, નાથ નવ આય વહેલે શિ થાશ્યે;
ઘડી એક વર્ષ સમાન, દીન કેમ જાશ્યે;
મને પડી નહીં કાંઇ સુઝ બની છું દિવાની;
શ્યા અવગુણસે મુજે છોડી બાત નવી જાણી. ગા. ૪
ચલ જાવું સ્યામકી સાથ, મુકાવું હાથ, શીરપર મેરા;
શંજમ લઇને ટાળું ભવોભવ ફેરા;
ચાલ જડપથી તો જઈ ઘડી ના રહું શંજમ તો લીધું;
પ્રભુ પેહલાં રાજેમતીને શીવપદ દીધું.
ગાવે દાનદયાના બાળ હર્ષ મન આણી;
નેમ રાજુલને હરરોજ નમો ભવ પ્રાણી. સ્યા. ગા. ૫

.૩. મરતાહુ તેરે દીલપે દીલદાર ખબર લે.

.નાહુ ખબર લે; દીનાનાથ ખબર લે.
દાસ તારા ડુબતા, માહારાજ ખબર લે. ગા. ૧
મોહ માયાકે ફંદસે ફસા પડે હે હમ;
તે માંહેથી મુક્ત કર, માહારાજ ખબર લે. ગા. ૨
નાથ નિરંજન તેરા બિના ન જપું હું નામ;
દીલ હમેશા તુજપે, માહારાજ ખબર લે. ગા. ૩
અખીયાં તેરી કામણગારી ક્યા કહુ તે બાત;
મોહ લાગ્યો અંખીશાંસે, માહારાજ ખબર લે. ગા. ૪
ભવસાગર તરણેકા મે રખતાહુ ઉમેદ;
જલદી તારી શામ, એકવાર ખબર લે. ગા. ૫
દાનદયાકા બાળ મળી વંદે તેરા પાય;
શત્રુ સઘળા દુર કરી, માહાવીર ખબર લે. ગા. ૬

## આરતી.

જય જય આરતી આદિ જીનંદા;
નાભિરાયા મારૂદેવીકા નંદા. જય. ૧
પેહેલી આરતી પુજા કીજે;
નરભવ પામીને લાહાવો લીજે. જય. ૨
દુસરી આરતી દીન દયાળા;
ધુળેવા મંડપમાં જગ અજુઆળા. જય. ૩
ત્રીસરી આરતી ત્રિભોવન દેવા;
સુરિનર ઇંદ્ર કરે તુજ સેવા. જય. ૪
ચોથી આરતી ચઉગતિ ચુરે;
મન વાંછિત ફળ આશા પુરે. જય. ૫
પંચમી આરતી પુણ્ય હું પાયો;
મુળચંદ રિખભ ગુંણ ગાયો. જય. ૬

## મંગળીક દીવો.

દીવોરે દીવો મંગળીક દીવો;
આરતી ઉતારણ બહુ ચિરણજીવો. ગા. ૧
શો હમને ઘેર પર્વ દીવાલી;
અંબર ખેલે અમરા બાળી. ગા. ૨
નિપળ ભણે એને કળ અજુવાળી;
ભાવે ભક્તે વિઘન નિવારી. ગા. ૩
નિપળ ભણે એને કીજે કળીકાળે,
આરતી ઉતારી રાજા કુમારપાળે. ગા. ૪
અમ ઘર મંગળીક તુમ ઘેર મંગળીક;
મંગળીક ચત્રુભજ શંગમાં હોજો. ગા. ૫
દીવોરે દીવો મંગળીક દીવો.

### વીનતી.

જૈન બંધુ ભાઈ, સર્વ ભેળા થઈ
પુરણ પ્રેમ ધરી આજે આવ્યાછોરે અહી.
સકળ સભાએ ઓછવ આજે કીધો રૂડી પેર
મંગળીક કાજે જીન ગુણ ગાયા થઇ તે લીલા લેહેર
જ્ઞાન તાનતો ખુબ મચાવ્યા હરખ્યા આતમ રામ
ભુલ ચુકની માફ માગીએ કરી અમે પ્રણામ
ખુસ ખુશાલી થઈ સંઘને અમો સરવના દાસ
મેહેર કરીને રજા લીજીએ જવા હમારા વાસ
ઓછવ આજે પુરણ હુવો બોલો જય જયકાર.
દાન દયાના બાળકો સહુ પ્રણમે વારમવાર.

**સમાપ્ત.**

કાયદા પ્રમાણે રજીષ્ટર કરાવી છે માટે રજા વગર કોઈએ છાપવી તથા છપાવી નહી.

# જાહેર ખબર.

નીચે લખેલી ચોપડી નીચે લખેલા સરનામે
થી રોકડી કીમતે મળશે.

જૈન ધર્મીઓને દરરોજની સાધારણ ક્રિયા સ્તવન
વગેરે. કિં. ૦ ૧ ૦

ધનાશાલિભદ્રજીનું નાટક. કિં. ૦ ૩–

નિલંબર દેવની કથા. કિં. ૦-૧-૬

સંવત ૧૯૪૯ ની શાલનું જૈન ધર્મવાળાને ઉપ
યોગી પંચાંગ. કિં. ૦-૦-૬

ઠા૦ અમદાવાદમાં દેવશાને પાડે શા૦ પોપટલાલ
દલસુખભાઈ તથા લાલચંદ લલુભાઈને ત્યાંથી.

માણેકચોકમાં. ચબુતરાપાસે બુકસેલર ફકીરભાઈ
હીરાભાઈને ત્યાંથી.

ભોયણીમાં કારખાનામાંથી મળશે.

પોસ્ટેજ જુદું આપવું પડશે.

બીજું શેત્રુંજા સાર નામની ચોપડી થોડા દીવસમાં
તૈયાર થવાની છે તેની કિંમત અગાઉથી ગ્રાહક થ
નાર પાસેથી રૂ૦ ૦-૧-૦ ને પાછળથી ૦ ૧-૬
લીધામાં આવશે માટે જે સાહેબોને રાખવાની મરજી
હોય તેમણે ઉપર લખેલા ઠેકાણે લખી મોકલવું જોઈએ.